RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 286* Date: 05.08.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને મોટી રાહત, સુપ્રીમ કોર્ટે હાલ પૂરતી સજા પર લગાવી રોક



મોદી સરનેમ કેસમાં સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને મોટી રાહત આપી છે. આ કેસમાં પોતાનો ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે રાહુલની સજા પર રોક લગાવી દીધી છે. જ્યાં સુધી અપીલ પેન્ડિંગ છે, ત્યાં સુધી સજા રોક લગાવાઈ છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું રાજકીય ભવિષ્ય નક્કી થઈ જશે. આ મામલાની સુનાવણી જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી બેન્ચે કરી હતી.

મોદી સરનેમ કેસમાં રાહુલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ છે. જેમાં રાહુલ ગાંધીના વકીલ સિંઘવીએ દોષસિદ્ધિ પર રોક લગાવાવની માંગ કરી હતી. તમામ પક્ષોને દલીલ માટે ૧૫-૧૫ મિનિટનો સમય અપાયો હતો. રાહુલના વકીલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, ફરિયાદીની અસલી સરનેમ મોદી નથી, બાદમાં તેમણે સરનેમ બદલી છે.

મોદી સરનેમ માનહાનિ કેસમાં ફરિયાદી પૂર્ણેશ મોદીએ સુપ્રીમ કોર્ટમાં ૩૧ જુલાઈએ જવાબ દાખલ કર્યો હતો. જેમાં તેમણે રાહુલ ગાંધીની અરજી ફગાવવાની માંગ કરી હતી. જણાવી દઈએ કે, રાહુલ ગાંધીએ પોતાની સજા પર રોક લગાવવાની માંગ કરી હતી, જેના પર આજે સુનાવણી થઈ છે. પૂર્ણેશ મોદીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીને રાહત આપવાનો કોઈ આધાર નથી. તેમનું આચરણ અભિમાન ભર્યું છે. વગર કારણે એક આખા વર્ગને અપમાનિત કર્યા બાદ તેમણે માફી માંગવાની ના પાડી.

બે દિવસ અગાઉ જ રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો હતો. જેમાં રાહુલ ગાંધીએ માફી માંગવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટમાં સોગંદનામામાં દાખલ કરીને કહ્યું હતું કે, માફી માંગવાનો સવાલ ઉઠતો નથી. પ્રથમ દ્રષ્ટિએ આ માનહાનિનો કેસ જ નથી બનતો. માફી માંગવાનું કોઈ કૃત્ય જ નથી. અપીલ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે. તેમાં સફળતાની સંભાવના છે. એટલા માટે સજા પર સુપ્રીમ કોર્ટ રોક લગાવી દે. પૂર્ણેશ મોદીએ સીધું તેમનું ભાષણ નહોતું સાંભળ્યું. મારા કેસને અપવાદ ગણીને રાહત આપવામાં આવે. માનહાનિ કેસમાં વધુ સજાને લઈને સંસદનું સભ્યપદ ગુમાવ્યું છે. પૂર્ણેશ મોદી ખુદ મૂળ રીતે મોદી સમાજના નથી. તેમણે આ પહેલા કોઈ કેસમાં સજા મળી નથી. માફી ન માંગવાને લઈને અભિમાની ગણવો ખોટું છે.

માનહાનિ મામલે રાહુલ ગાંધીએ આ વર્ષે માર્ચમાં સુરતની એક કોર્ટે બે વર્ષની કેદની સજા સંભળાવી હતી અને ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈએ તેમની સજા પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટ પહોંચ્યા, જ્યાં ૨૧ જુલાઈએ ગુજરાત સરકાર સહિત સંબંધિત પક્ષોને નોટિસ મોકલીને જવાબ દાખલ કરવા કહ્યું હતું.રાહુલ ગાંધીએ ૧૩ એપ્રિલે ૨૦૧૯એ કર્ણાટકના કોલારમાં એક ચૂંટણી સભાને સંબોધિત કરતા કહ્યું હતું કે, તમામ ચોરના ઉપમાન મોદી કેમ હોય છે? જેને લઈને પૂર્ણેશ મોદીએ ૨૦૧૯માં તેમના વિરૂદ્ધ ગુનાહિત માનહાનિનો કેસ દાખલ કરાયો હતો.

## જમ્મુ-કાશ્મીર: સ્થિતિ સામાન્ય, પરંતુ ઉદ્યોગોની હાલત કફોડી, ચાર વર્ષમાં ૩૦ ટકા બિઝનેસ ઠપ



શ્રીનગરના ક્રોકરીના વેપારી મન્જુર અહમદ ભટને પરિવાર સાથે ડાઉનટાઉન હોટલમાં રહેવાની ફરજ પડી છે. તાજેતરમાં જેએન્ડકે બેન્કના કર્મચારીઓએ તેમનું ઘર ખાલી કરાવ્યું હતું. પરિવાર ૧૪ રૂમના મકાનમાંથી સીધો રોડ પર આવી ગયો છે. તેમાંથી મન્જુરની ૯૫ વર્ષીય માતા પણ છે, જેમણે બે ઓપન હાર્ટ સર્જરી કરાવી છે. મન્જુર પર બેન્કનું ૨.૭૫ કરોડ રૂપિયાનું દેવું છે.નોટબુકનો બિઝનેસ કરતા શાહીમ ખાનને બેન્કનું કરજ ચૂકવવા માટે પોતાનું ઘર વેચવું પડ્યું હતું. દરરોજ ૧૦ હજાર નોટબુક છપાતી હતી. કરોડોનું ટર્નઓવર હતું. કલમ-૩૭૦ હટ્યા બાદ ખીણમાં ધંધા બંધ થયા છે. આમ જોતાં ખીણની ઈન્ડસ્ટ્રી ખતમ થતી જઈ રહી છે. બેન્ક લોન લેનારને પરેશાન કરી રહી છે. હાલની પરિસ્થિતિમાં ૩૦ ટકા બિઝનેસ ઠપ થયો છે. વેપારીઓની માંગ છે કે સરકાર મદદ કરે. માંદા યુનિટ માટે રિહેબિલિટેશન પૉલિસી લાવવામાં આવી છે.આખરે ખીણમાં બિઝનેસ રિકવરી કરવામાં સફળતા કેમ ન મળી ? ફેડરેશન ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝ કાશ્મીરના પ્રમુખ શાહિદ કામિલનું કહેવું છે કે ૨૦૦૯ અને ૨૦૧૦માં સ્થિતિ ખૂબ જ ખરાબ હતી. તે પછી ૨-૩ વર્ષ સારાં રહ્યાં. ૨૦૧૪માં પૂર આવ્યું હતું. જ્યારે બુરહાન વાનીનો એપિસોડ શરૂ થયો ત્યારે સ્થિતિ સુધરી રહી હતી. ત્યારબાદ ૨૦૧૯માં કલમ-૩૭૦ હટાવી દેવામાં આવી હતી. માર્ચ ૨૦૨૦માં જ્યારે કામ શરૂ થયું ત્યારે કોરોના આવ્યો.બેક ટુ બેક ઈન્ડસ્ટ્રીએ ડિસેમ્બર ૨૦૨૧ સુધી સંઘર્ષ કર્યો. ઉદ્યોગને ટકી રહેવા માટે વર્ષમાં ૩૧૦ દિવસ ચલાવવા જરૂરી છે.

## સમુદ્રયાન... સબમરીન ૬૦૦૦ મીટર ઊંડાઈએ ત્રણ ભારતીયને લઈ જશે




અમેરિકા, ચીન જેવા દેશ દરિયામાં નવી અર્થવ્યવસ્થા ઊભી કરી રહ્યા છે. હવે ભારત પણ આ જ માર્ગે ચાલી રહ્યું છે. ભૂવિજ્ઞાન મંત્રાલયના કેન્દ્રીય મંત્રી કિરણ રિજીજૂએ ગુરુવારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે ભારત પ્રથમ મહાસાગર મિશન 'સમુદ્રયાન' હેઠળ માનવયુક્ત સબમરીનને દરિયામાં ઉતારશે. 'મત્સ્ય ૬૦૦૦' નામની સબમરીન તૈયાર થઈ ગઈ છે. પહેલા તબક્કાનું પરીક્ષણ માર્ચ, ૨૦૨૪ સુધી પૂરું થઈ જશે. ૨૦૨૬ સુધીમાં એ ૩ ભારતીયને મહાસાગરમાં ૬૦૦૦ મીટરની ઊંડાઈએ લઈ જશે. ૫ વર્ષમાં આ મિશનની તૈયારી પૂરી થઈ ગઈ છે.કેન્દ્ર સરકારની બ્લૂ ઈકોનોમી પહેલ હેઠળ આ મિશન જૂન, ૨૦૨૧માં ભૂવિજ્ઞાન મંત્રાલયે શરૂ કર્યું હતું. મિશન પાછળ ૫ વર્ષમાં રૂ.૪,૦૭૭ કરોડનો ખર્ચ થશે. સમુદ્રયાન આનો જ ભાગ છે.દેશની જીડીપીનો ૪% હિસ્સો આની સાથે જોડાયેલો છે. એ ૯૫% વેપારમાં મદદરૂપ થશે. ૭,૫૧૭ કિમી લાંબી દરિયાઈ સરહદે ૯ રાજ્ય, ૧૩૮૨ ટાપુ જોડાયેલા છે. દેશની ૩૦% વસ્તી દરિયા પર આધારિત છે.



આજ રોજ તારીખ ૦૩-૦૮-૨૦૨૩, ગાંધીનગર જિલ્લા ના ફાર્મર ફ્રેન્ડ મિત્રો ને પ્રાકૃતિક ખેતી ની તાલીમ નું આયોજન કરેલ જેમા અધિકારી અર્ચના પટેલ અને નિવૃત્ત પશુપાલન ખાતાના અધિકારી શ્રી નરેન્દ્ર મંડીર-ગાંધીનગરે લેક્ચર આપ્યું

### કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ૧૩૨મા જન્મોત્સવ નિમિતે ૧ ઓગસ્ટના રોજ

## ગુજરાત આર્ટ સોસાયટી તેમજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર પ્રદર્શનમાં ગુજરાત ભરના ૧૭૦ જેટલા કલાકારોએ ભાગ લીધો



ગુજરાતના કલાગુરુ તરીકે સમગ્ર રાષ્ટ્ર જેમને આદર પૂર્વક નમન કરે છે એવા કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ૧૩૨મા જન્મોત્સવ નિમિતે આવતી ૧ ઓગસ્ટના રોજ ગુજરાત આર્ટ સોસાયટી તેમજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના ૧૭૦થી વધારે જેટલા સમકાલીન કલાકારો દ્વારા કલાગુરુની સ્મૃતિમાં એક ભવ્ય પ્રદર્શનનું આયોજન અમદાવાદની રવિશંકર રાવલ આર્ટ ગેલેરીમાં યોજવામા આવ્યુ. જેનું ઉદ્ઘાટન જાણીતા કલા સંરક્ષકો સુશ્રી પ્રિયા અધ્યારૂ-મહેતા અને શ્રી મનન રેલીયાના કરકમલ દ્વારા કરવામાં આવ્યુ. આ દ્વિત્ય વાર્ષિક કલા પ્રદર્શન તા ૧ થી ૯ ઓગસ્ટ ૨૦૨૩ સુધી સાંજના ૪થી૮ કલાક દરમિયાન કલાકાર, કલા રસિક તેમજ આમ જનતા માટે ખુલ્લું રહેશે.

સોસાયટીના હોદ્દેદારો અધ્યક્ષ શ્રી વૃંદાવન સોલંકી અમદાવાદ, પ્રમુખ ગગજી મોણપરા જામનગર, સેક્રેટરી ઉમેશ ક્યાડા રાજકોટ, તેમજ ખજાનચી અને સંવાહક કૃષ્ણ પડિયા કારોબારી સભ્ય ગાયત્રી મહેતા કૈલાશ દેસાઈ પ્રદર્શનને સફળ બનાવવા કાર્યરત છે. આ પ્રદર્શનનું સંચાલન અમદાવાદના ચિત્રકાર તેમજ કારોબારી સભ્ય શ્રી મિલન દેસાઈ, શ્રી બંસી ખત્રી તેમજ ચિત્રકાર શ્રી જીતુ ઓઘાણી, કા. આચાર્ય, શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ દ્વારા થઈ રહ્યું છે. ગુજરાત આર્ટ સોસાયટી દ્વારા તેમના પ્રથમ વાર્ષિક સમકાલીન કલા પ્રદર્શનમાં ખૂબ જ સફળતા સાથે પરિપૂર્ણ થયેલ અને તેમાં વરિષ્ઠ કલાકારો થી લઈને યુવા તેમજ વિદ્યાર્થી કલાકારોનો પણ સમાવેશ કરવામાં આવેલ, તેવીજ રીતે આ વર્ષે પણ પસંદગી પામેલા કલકારોનો સમાવેશ કરતાં ગુજરાત ભરના તેમજ દેશ વિદેશના ગુજરાતી કલાકારો ૧૭૦ થી વધારે કલાકારો ભાગ લઈ રહ્યા છે આ પ્રદર્શન નિશુલ્ક હોય તમામ કલા રસીક તેમજ જાહેર જનતાને હાર્દિક આમંત્રણ છે એવુ એક યાદીમા જણાવવામા આવ્યુ છે

## તંત્રી લેખ......

# એવોર્ડ વાપસી અભિયાન પર લગામ

મણિપુર પર સંસદમાં ચાલી રહેલા ગતિરોધ અને શોરબકોર વચ્ચે ૨૪ જુલાઈએ રાજ્યસભામાં સંસ્કૃતિ મંત્રાલય સાથે જોડાયેલ રાષ્ટ્રીય અકાદમીઓ અને અન્ય સાંસ્કૃતિક સંસ્થાઓના કામકાજ સંબંધિત એક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. આ રિપોર્ટમાં અકાદમીઓ વચ્ચે સમન્વય પર ટિપ્પણી કરવામાં આવી છે. તે ઉપરાંત આ અકાદમીઓ અને સાંસ્કૃતિક સંસ્થાઓના પડકારો અને અવસરો પર પણ વાત કરવામાં આવી છે. ૯૬ પાનાંનો આ મહત્ત્વપૂર્ણ રિપોર્ટમાં સંસદીય સમિતિએ ૨૦૧૫ના પુરસ્કાર વાપસી અભિયાનનાં કારણો પર મંથન કર્યું અને પોતાનાં સૂચન આપ્યાં યાદ રહે કે ૨૦૧૫ના બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં સુનિયોજિત રીતે અસહિષ્ણુતાને મુદ્દો નબાવીને પુરસ્કાર વાપસી અભિયાન ચલાવ્યું હતું. પુરસ્કાર વાપસી અભિયાનના લગભગ આઠ વર્ષ બાદ સંસદીય સમિતિએ તેના પર વિચાર કર્યો છે. સમિતિએ સ્પષ્ટ રૂપે કહ્યું છે કે અકાદમીઓએ પુરસ્કાર આપતાં પહેલાં સંભવિત લેખકો, કલાકારો પાસે એક વચનપત્ર લેવું જોઈએ કે જો તેમને પુરસ્કાર આપવામાં આવે છે તો તેઓ ભવિષ્યમાં તેને પરત નહીં કરે. બૌદ્ધિક જમાત આ પગલાને કેન્દ્ર સરકાર સાથે જોડીને હોબાળો મચાવી રહી છે. કહેવાય છે કે સરકાર હવે લેખકોને પુરસ્કાર આપતાં પહેલાં બાંધવા માંગે છે. ટીકા કરનારા એ ભૂલી જાય છે કે પુરસ્કાર વાપસી અભિયાન સમયે એક લેખકે ઘોષણા કરીને ખૂબ પ્રચાર મેળવ્યો હતો. જ્યારે મામલો ઠંડો પડી ગયો તો સાહિત્ય અકાદમીને પત્ર લખીને પુરસ્કાર વાપસી પર ખેદ પ્રગટ કરીને પુરસ્કાર પોતાની પાસે રાખવાનો આગ્રહ કર્યો હતો. અકાદમીના બંધારણમાં પુરસ્કાર વાપસીની કોઈ જોગવાઈ નથી તો તેણે કોઈનો પરત કરેલો પુરસ્કાર સ્વીકાર્યો જ નથી. પુરસ્કાર વાપસી અભિયાન સમયે કેટલાય લેખકોએ સાહિત્ય અકાદમી પરિસરમાં પગલું પણ નહિ મૂકવાના સોગંદ ખાધા હતા. એ પણ રાજકીય પ્રહસન જ સાબિત થયું, કારણ કે અત્યારે તે તમામ લેખકો સાહિત્ય અકાદમીના કાર્યક્રમોમાં દેખાય છે અને સક્રિય સહયોગ પણ કરી રહ્યા છે! સંસદીય સમિતિએ યોગ્ય જ લખ્યું છે કે પુરસ્કાર વાપસી અભિયાન સંપૂર્ણ રીતે રાજકારણથી પ્રેરિત હતું. અકાદમીના પ્રતિષ્ઠિત પુરસ્કારોને રાજનીતિના હાથા બનાવવાથી રોકવા માટે સમિતિએ વચનપત્રનું સૂચન કર્યું છે. સંસદીય સમિતિનું માનવું છે કે રાજકીય અભિયાનોનો હિસ્સો બનવાથી પુરસ્કારોની પ્રતિષ્ઠા ખરડાય છે. અકાદમીઓની એ જવાબદારી છે કે તેઓ પોતાના દ્વારા અપાતા પુરસ્કારોના સન્માનને જાળવી રાખવાનો પ્રયાસ કરે. સંસદીય સમિતિએ સૂચન કર્યું છે કે જો વચનપત્ર છતાં કોઈ લેખક કે કલાકાર પુરસ્કાર પરત કરે તો તેના નામ પર ભવિષ્યમાં કોઈપણ પ્રકારના પુરસ્કાર માટે વિચાર નહીં કરવામાં આવે.

સંસદીય સમિતિના આ રિપોર્ટના આ બિંદુ પર જેટલી ચર્ચા થઈ તેને કારણે અન્ય મહત્ત્વપૂર્ણ નિષ્કર્ષો કે મંતવ્યો પર ચર્ચા ન થઈ શકી. સંસદીય સમિતિના રિપોર્ટના બે અન્ય બિંદુઓને રેખાંકિત કરવા જોઈએ. આ બિંદુ છે કલા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા અધિકારીઓની સંવેદનશીલતા અને અકાદમી તથા અન્ય સાંસ્કૃતિક સંસ્થાઓમાં અધિકારીઓ અને કર્મચારીઓની ઘટ. સંસદીય સમિતિએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે સાંસ્કૃતિક પ્રબંધન સાથે જોડાયેલા મોટાભાગના અધિકારીઓ અને કર્મચારીઓને તેનું બહુ ઓછું જ્ઞાન છે. સમિતિએ તેના માટે વ્યાપક સ્તર પર કર્મચારીઓને પ્રશિક્ષણ આપવાની અપેક્ષા રાખી છે.

# રાજ્યના વિકાસમાં બની રહી છે સહભાગી, એ છે ગુજરાતની નારી



**મહિલા સ્વાવલંબન યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૮૧૨ મહિલાઓને રૂ. ૩.૭૪ કરોડની સબસિડી ચૂકવવામાં આવી**

**પ્રદર્શન-સહ-વેચાણ મેળા જેવા આયોજનો બની રહ્યા છે મદદરૂપ : ૮૯૫ મહિલાઓએ રૂ. ૩.૭૭ કરોડ રૂપિયાની વસ્તુઓનું વેચાણ કરીને ખોલ્યા સ્વરોજગારીનાં દ્વાર**

**૨૫૧ ગંગાસ્વરૂપા મહિલાઓને પુનર્લગ્ન માટે રાજ્ય સરકાર દ્વારા ૫૦-૫૦ હજારની સહાય ચૂકવાઈ**

તા.૦૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસો અને દૂરંદેશી નીતિના ફળસ્વરૂપ ૪૨૦ની અધ્યક્ષતા ભારતને મળી છે, જે અંતર્ગત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૪૨૦ એમ્પાવર સમિટ અન્વયે ૩૨૦ વુમન લેડ ડેવલપમેન્ટ, એન્સ્યુરિંગ સસ્ટેઈનેબલ - ઈનક્લુઝિવ એન્ડ ઈક્વિટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ વિષયક સેમિનાર અને બેઠકો હાલ ચાલી રહી છે, તો બીજી તરફ રાજ્યમાં 'નારીવંદન સપ્તાહ' ની ઉજવણી પણ ચાલી રહી છે. ત્યારે વડાપ્રધાન દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઘડવામાં આવેલી 'નારી ગૌરવ નીતિ'ને વધુ અસરકારક બનાવવા અને રાજ્યની નારી શક્તિને વધુ સશક્ત અને સબળ બનાવવા રાજ્ય સરકારે મહિલા સશક્તીકરણ માટે વિવિધ મહિલાલક્ષી યોજનાઓ ઘડીને સ્વાસ્થ્ય, સુરક્ષા અને શિક્ષા એમ ત્રિસ્તરીય વ્યૂહ અપનાવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલાં આ જ પ્રકારના પ્રયાસોના પરિણામરૂપે રાજ્યની નારી વધુ શિક્ષિત બની છે, સશક્ત બની છે, સક્ષમ બની છે. આજે રાજ્યની ૧૫થી ૪૯ વર્ષની વય ધરાવતી ૭૬.૫૦ ટકા મહિલાઓ શિક્ષિત છે અને કોઈના ટેકા વિના પોતાના પગ પર ઊભી રહેવા સક્ષમ બની છે. જેનું ઉદાહરણ મહિલાઓ સંચાલિત સ્વસહાય જૂથો અને દૂધ સહકારી ચળવળ છે. આજે રાજ્યભરમાં હજારો મહિલાઓ દ્વારા દૂધ સહકારી મંડળીઓનું સફળ સંચાલન થઈ રહ્યું છે. જ્યારે કુલ ૧.૧૩ લાખથી વધુ મહિલા સ્વસહાય જૂથો કાર્યરત્ છે. જેમાંથી ૧૩,૫૦૦ જેટલાં સ્વસહાય જૂથોને વર્ષ-૨૦૨૨ દરમિયાન લોન આપવાની કાર્યવાહી કરવામાં આવી. પરિણામસ્વરૂપ, બૅંક જોડાણ ધરાવતાં સ્વસહાય જૂથોની ટકાવારી આજે ૧૦૦ ટકા સુધી પહોંચી છે.

રાજ્યની મહિલાઓને પગભર બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મુખ્યમંત્રી કાળમાં મહિલા આર્થિક વિકાસ નિગમ ની સ્થાપના કરીને જે ચીલો ગુજરાતમાં ચાતર્યો છે, તેને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં 'ટીમ ગુજરાત' આગળ ધપાવી રહી છે. આજે ગ્રામીણ તથા શહેરી વિસ્તારની ૨૧થી ૫૦ વર્ષની વયની જરૂરિયાતમંદ મહિલાઓને મહિલા સ્વાવલંબન યોજના હેઠળ સ્વરોજગારી માટે વિવિધ ૩૦૭ જેટલા અલગ અલગ વ્યવસાયો માટે વધુમાં વધુ રૂ. ૨ લાખ સુધીની લોન બૅંકો દ્વારા અપાવવામાં આવે છે. જેની સામે નિગમ દ્વારા પ્રોજેક્ટ કોસ્ટના ૧૫ ટકા અથવા મહત્તમ રૂ. ૩૦ હજાર બેમાંથી ઓછું હોય તે રકમ નિગમ દ્વારા સબસિડીરૂપે આપવામાં આવે છે. આ પ્રકારે છેલ્લાં ત્રણ વર્ષમાં સમગ્ર રાજ્યમાં કુલ ૧૮૧૨ મહિલાઓને કુલ રૂ.૩.૭૪ કરોડની સબસિડી સહાય ચૂકવવામાં આવી છે.

**બૅંક જોડાણ ધરાવતાં સ્વસહાય જૂથોની ટકાવારી આજે ૧૦૦ ટકા સુધી પહોંચી**

રાજ્યની ગ્રામીણ મહિલાઓની આર્થિક સધ્ધરતા અને સશક્તીકરણનું બીજું ઉદાહરણ એટલે મિશન મંગલમ યોજના.. જેના માધ્યમથી રાજ્યની ૨૬ લાખ બહેનોને ૨૫ લાખ સખી મંડળો દ્વારા આશરે ૧૬૦૦ કરોડ રૂપિયાથી વધુના કારોબાર સોંપ્યા હતા. વડાપ્રધાન દ્વારા દૂરંદેશીપૂર્વક શરૂ કરવામાં આવેલી પરંપરાને આગળ ધપાવતાં રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માટેના બજેટમાં અગાઉના વર્ષની સરખામણીએ ૪૨ ટકા જેટલો વધારો કરીને કુલ રૂ.૬૦૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.એક આદર્શ સમાજના નિર્માણ માટે જાતિગત સમાનતા એ માત્ર મૂળભૂત માનવ અધિકાર નથી, પરંતુ ટકાઉ અને ઉજ્જ્વળ ભવિષ્ય માટેની અગત્યની જરૂરિયાત છે. આ જ વાતને ધ્યાને રાખીને અને રાજ્યની નારીશક્તિને પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં જેન્ડર બજેટની પહેલ કરવામાં આવી. જ્યારે વર્ષ ૨૦૧૯માં વ્યાવસાયિક સ્થળે જાતીય અસમાનતાને દૂર કરવા મહિલાઓને સમાન પગારનો કાયદો ઘડવામાં આવ્યો.

'સશક્ત સમાજના નિર્માણ માટે સશક્ત મહિલા'ના મંત્રને સાર્થક કરવા માટે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલાં આવાં જ કેટલાંક પગલાંઓ અને યોજનાઓની વાત કરીએ, તો વર્ષ-૨૦૨૨-૨૩ દરમિયાન પ્રદર્શન-સહ-વેચાણ ના ૧૨ જેટલા મેળાઓમાં ૮૯૫ મહિલાઓએ ભાગ લઈ ૩.૭૭ કરોડ રૂપિયાની વસ્તુઓનું વેચાણ કરીને સ્વરોજગારીનાં નવાં દ્વાર ખોલ્યા છે.

ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યની ૧૩.૬૨ લાખ જેટલી નિરાધાર વિધવા મહિલાઓને રાજ્ય સરકાર દ્વારા પ્રતિમાસ રૂ.૧૨૫૦ની સહાય લેખે કુલ રૂ. ૧૬૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે ચાલુ વર્ષના બજેટમાં આ માટે રૂ.૧૮૯૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વિધવાઓ પણ પુનર્લગ્ન કરીને ફરીથી નવું જીવન શરૂ કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦ હજારની સહાયની પણ જોગવાઈ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૨૫૧ ગંગાસ્વરૂપા મહિલાઓને નવું જીવન શરૂ કરવા માટે સહાય કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલાં આ જ પ્રકારના પ્રયાસોના પરિણામરૂપે રાજ્યમાં પુરુષોની સરખામણીએ મહિલાઓનો જન્મદર ૨૦૦૧માં ૮૦૨ હતો, તેની સરખામણીએ વધીને ૯૬૫ થયો છે. રાજ્ય સરકારની શક્તિદૂત સહિતની યોજનાઓ અને પ્રોત્સાહનના કારણે રાજ્યની અનેક યુવતીઓએ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ કે એશિયાડ સુધી પહોંચીને રાજ્ય તથા દેશને ગૌરવ અપાવ્યું છે. રાજ્યની મહિલાઓને આર્થિક રીતે ગૌરવાન્વિત કરવા અને તેમના સામાજિક ઉત્થાન માટે મિલકત નોંધણીની ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે.આ જ પ્રકારે સુકન્યા સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના અને મુદ્રા યોજના, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, નેશનલ રુરલ લાઈવલીહુડ મિશન સહિતની કેન્દ્ર સરકારની યોજનાઓ પણ મહિલાઓને વધુ સશક્ત અને પગભર બનાવવામાં મદદરૂપ થઈ રહી છે.

## 'ગ્રીન ગુજરાત ક્લીન ગુજરાત'ના મંત્ર સાથે

# રાજ્યભરના ૩૨ જિલ્લા અને આઠ મહાનગરપાલિકાઓમાં તા. ૫ ઓગસ્ટના રોજ ૭૪મા 'વન મહોત્સવ- ૨૦૨૩' મહાઅભિયાનની ઉજવણી કરાશે



તા.૦૪

ગુજરાતમાં વધુને વધુ હરિયાળી લાવવા તેમજ રાજ્યમાં વૃક્ષ આવરણ વધારવા દર વર્ષે યોજાતો વન મહોત્સવ અગત્યનો ભાગ ભજવે છે. 'ગ્રીન ગુજરાત ક્લીન ગુજરાત'ના મંત્રને સમગ્ર ગુજરાતભરમાં સાર્થક કરવાના ઉદ્દેશ સાથે આગામી તા. ૫ ઓગસ્ટના રોજ રાજ્યના ૩૨ જિલ્લાઓમાં કેબિનેટ, રાજ્યમંત્રી અને જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ તમામ આઠ મહાનગર પાલિકાઓમાં મેયરની પ્રેરક ઉપસ્થિતિમાં ૭૪માં વન મહોત્સવ- ૨૦૨૩ મહાઅભિયાનની રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવનાર છે.

દર વર્ષે ગુજરાતમાં રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામીણકક્ષાએ વિવિધ સ્વરૂપે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. 'ગ્રીન ગુજરાત ક્લીન ગુજરાત'ના મંત્ર સાથે આ વર્ષે શ્રી ભૂપેન?દ્ર પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી મૂળુ બેરા સહિત વિવિધ મંત્રીઓની ઉપસ્થિતિમાં તા.૩ ઓગસ્ટના રોજ જેપુરા-પાવાગઢ ખાતે રાજ્યકક્ષાનો '૭૪મો વન મહોત્સવ-૨૦૨૩' તથા 'વન કવચ' લોકાપર્ણ કાર્યક્રમ યોજાયો હતો.

'વાવે ગુજરાત'ને ચરિતાર્થ કરી ગુજરાતને વધુને વધુ હરિયાળું બનાવવાના હેતુ સાથે આ મહાઅભિયાનમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠાના દાંતીવાડા ખાતે, નાણા મંત્રી કનુ દેસાઈ વલસાડ જિલ્લાના નામધા-વાપી ખાતે, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણાના તપોવન જૈન દેરાસર-સતલાસણામાં, કૃષિ મંત્રી રાઘવજી પટેલ જામનગરના રામરોટી આશ્રમ-ધ્રોલમાં, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત પાટણના સુજાણપુર-સિદ્ધપુરમાં, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા બોટાદના પાળિયાદમાં, વન-પર્યાવરણ મંત્રી મૂળુ બેરા દેવભૂમિ દ્વારકાના વડત્રા-ખંભાળિયામાં, આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર ભરૂચના જંબુસરમાં તેમજ મહિલા-બાળ કલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરીયા સુરેન્દ્રનગરના ધ્રાંગંધ્રા ખાતે યોજાનાર વન મહોત્સવમાં વિશેષ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સુરતના બારડોલી ખાતે, સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા અમદાવાદના ગુરૂકુળ પીરાણા-દસ્ક્રોઈમાં, મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી પરષોતમ સોલંકી ભાવનગરના માનવડમાં, પંચાયત રાજ્ય મંત્રી બચુ ખાબડ મહીસાગરના માનગઢમાં, વન-પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલ નવસારીના બિલીમોરામાં, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા અમરેલીના બાબરામાં,આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિ તાપી જિલ્લાના સોનગઢમાં, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લા વડોદરાના પીપરીયા ગામ-વાઘોડિયામાં, નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા ગીર સોમનાથના ગીર ગઢડામાં, નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા પોલીસ હેડક્વાર્ટરર્સ મોરબીમાં, નાયબ મુખ્ય દંડક રમણસિંહ સોલંકી ખેડાના ખલાલ કમાન્ડો તાલીમ સેન્ટર-કઠલાલમાં તેમજ નાયબ મુખ્ય દંડક વિજય પટેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ-ડાંગ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના વન મહોત્સવમાં સહભાગી થશે.

આ ઉપરાંત આણંદ, કચ્છ, ગાંધીનગર, નર્મદા, પોરબંદર, છોટાઉદેપુર. રાજકોટ, જૂનાગઢ, અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની હાજરીમાં વન મહોત્સવ ઉજવાશે.આ સિવાય રાજ્યની અમદાવાદ, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, ભાવનગર, રાજકોટ, વડોદરા અને સુરત એમ તમામ આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં મેયરઓની ઉપસ્થિતિમાં વન મહોત્સવ-૨૦૨૩ની ઉજવણી કરવામાં આવશે

# સિગારેટ પર જોવા મળશે આ ખાસ ચેતવણી, કેનેડિયન સરકારે નવા નિયમો લાગુ કર્યા

નવીદિલ્હી,તા.૦૩

દર વર્ષે વિશ્વમાં ધૂમ્રપાનને કારણે મોટી સંખ્યામાં મૃત્યુ થાય છે. આ હોવા છતાં, ધૂમ્રપાન કરનારાઓની સંખ્યામાં કોઈ નોંધપાત્ર ઘટાડો થયો નથી. પરંતુ ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, આવી ચેતવણીઓ વારંવાર સાંભળી શકાય છે. પરંતુ હવે વિશ્વના વિવિધ દેશોમાં આ અંગેની ઊંડી ચિંતા પણ પરેશાન થવા લાગી છે. ન્યૂઝ એજન્સી એએફપીના જણાવ્યા અનુસાર, તાજેતરનું ઉદાહરણ કેનેડામાં સામે આવ્યું છે, જ્યાં વિશ્વમાં પ્રથમ વખત મે મહિનામાં દરેક સિગારેટ પર વ્યક્તિગત સ્વાસ્થ્ય ચેતવણીઓને ચિહ્નિત કરવા માટે નિયમોની જાહેરાત કરવામાં આવી હતી. કેનેડાની સરકારે હવે મંગળવારથી આ નવા નિયમો લાગુ કરી દીધા છે. કેનેડામાં વેચાતી દરેક સિગારેટ પર વ્યક્તિગત સ્વાસ્થ્યની ચેતવણી હોવી જોઈએ "સિગારેટથી નપુંસકતા અને કેન્સર થાય છે", "દરેક પફમાં ઝેર". એવું કહેવાય છે કે કેનેડા આવા નિયમો લાગુ કરનાર પ્રથમ દેશ હશે. કેનેડાએ મે મહિનામાં પ્રથમ વખત આવા નવા સ્વાસ્થ્ય નિયમોની જાહેરાત કરી હતી. આ પછી હવે આ નિયમો લાગુ કરવામાં આવ્યા છે.

નવા લેબલવાળી કિંગ-સાઈઝ સિગારેટ એક વર્ષની અંદર સ્ટોર્સમાં ઉપલબ્ધ થવાની અપેક્ષા છે. આ પછી ૨૦૨૫ની શરૂઆતમાં નિયમિત કદની સિગારેટ આવશે. કેનેડાના ભૂતપૂર્વ વ્યસન પ્રધાન, કેરોલિન બેનેટ, પહેલેથી જ કહી ચૂક્યા છે કે બજારમાં વેચાતી સિગારેટ પર ચેતવણી લેબલ "વર્ચ્યુઅલી ફરજિયાત હશે" અને પેકેજ પર પ્રદર્શિત અપડેટ ગ્રાફિક છબીઓ સાથે આવશે. ધૂમ્રપાનના સ્વાસ્થ્ય પરિણામોની વાસ્તવિક અને આઘાતજનક રીમાઈન્ડર પ્રદાન કરશે. કેનેડિયન સરકાર નોંધે છે કે કેટલાક યુવાનો, જેઓ તમાકુ પર નિર્ભરતાના જોખમ માટે ખાસ કરીને સંવેદનશીલ હોય છે, તેઓ પણ સ્વાસ્થ્ય ચેતવણી સાથેના લેબલવાળા પેકેટને બદલે સિગારેટ આપવામાં આવ્યા પછી ધૂમ્રપાન કરવાનું શરૂ કરે છે.

૨૦૦૦ માં, કેનેડા તમાકુના ઉપયોગથી સંકળાયેલા આરોગ્યના જોખમો અંગે જાગૃતિ લાવવા માટે, રોગગ્રસ્ત હૃદય અને ફેફસાના ચિત્રો સહિત સિગારેટના પેક પર ગ્રાફિક ચેતવણીઓ રજૂ કરનાર પ્રથમ દેશ બન્યો. તે જ સમયે, છેલ્લા ૨ દાયકામાં ધૂમ્રપાનનું વલણ ઘટ્યું છે. પરંતુ, સરકારી આંકડા મુજબ, તમાકુના ઉપયોગથી દર વર્ષે ૪૮,૦૦૦ કેનેડિયનો મૃત્યુ પામે છે. રાષ્ટ્રના આરોગ્ય સંભાળ ખર્ચનો લગભગ અડધો ભાગ પદાર્થના ઉપયોગ સાથે જોડાયેલો છે. ઓટ્ટાવાએ દેશમાં ધૂમ્રપાન કરનારાઓની સંખ્યા વર્તમાનમાં ૧૩ ટકાથી ઘટાડીને ૨૦૩૫ સુધીમાં વસ્તીના ૫ ટકા અથવા લગભગ ૨ મિલિયન લોકો સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે.


# ઓડિશાના બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં ૯ મૃતદેહની હજી પણ નથી થઈ ઓળખ?!...

ઓડિશા,તા.૦૪

ઓડિશાના બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા ૨૯ લોકોની ઓળખ હજુ બાકી છે. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. જૂન મહિનામાં આ ટ્રેન દુર્ઘટનામાં ૨૯૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ ભુવનેશ્વરના સુપરિન્ટેન્ડેન્ટ દિલીપ પરિદાએ જણાવ્યું કે અમે આ અઠવાડિયે દ્ભદ્ભછ રિપોર્ટની અંતિમ બેચ મેળવવા જઈ રહ્યા છીએ. અમને લાગે છે કે આમાંથી ફક્ત બે કે ત્રણ નમૂનાઓ જ મેચ થઈ શકે છે. દિલીપ પરિડા કહે છે કે એમ્સને બે તબક્કામાં કુલ ૧૬૨ મૃતદેહો મળ્યા હતા, જેમાંથી ૧૩૩ મૃતદેહો ડીએનએ સેમ્પલ મેચિંગ બાદ તેમના સંબંધીઓ અને સંબંધીઓને સોંપવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે હાલમાં જે ૨૯ મૃતદેહોની ઓળખ થઈ નથી તેમને એઈમ્સમાં કન્ટેનરમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર અને ઓડિશા સરકાર નક્કી કરવા જઈ રહી છે કે જે મૃતદેહોની ઓળખ ન થઈ શકે તેના સંબંધમાં આગળ શું કરવું. ઈડીએ બાકીના મૃતદેહોની ઓળખ કરી હતી... જે જણાવીએ તો, ચેન્નાઈ જતી કોરોમંડલ એક્સપ્રેસ, હાવડા જતી જીસ્ફ઼ હાવડા સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ઓડિશામાં જૂન મહિનામાં માલસામાનની ટ્રેન ટકરાઈ હતી. આ ટ્રેન દુર્ઘટનામાં ૨૯૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૮૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. બાલાસોર જિલ્લામાં આ ટ્રેન દુર્ઘટના દેશની સૌથી ભયાનક રેલ દુર્ઘટનાઓમાંની એક માનવામાં આવી હતી. અકસ્માત બાદ જ્યારે રાહત કાર્ય શરૂ થયું ત્યારે મોટાભાગના મૃતદેહોની ઓળખ તેમના પાસેથી મળેલા આધાર કાર્ડ જેવા આઈડી પરથી થઈ હતી. તે જ સમયે, કેટલાક એવા મૃતદેહો હતા, જેના માટે એકથી વધુ દાવેદારો હતા. આવી સ્થિતિમાં અધિકારીઓએ મૃતકોની ઓળખ માટે ડીએનએ સેમ્પલિંગનો આશરો લીધો હતો. કન્ટેનરના કદના ફ્રીઝર્સને મૃતદેહો રાખવા માટે બોલાવવામાં આવ્યા હતા જે ઓળખી શકાતા ન હતા. જે મૃતદેહોની ઓળખ થઈ નથી તેનું શું થશે?... જે જણાવીએ તો, છૈંસ્જી ભુવનેશ્વર પહેલાથી જ સ્પષ્ટ કરી ચુક્યું છે કે જે મૃતદેહોની ઓળખ થઈ નથી તે અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારો નિર્ણય લેશે. જોકે, આ પછી પણ આવી બે શક્યતાઓ છે, જેને નકારી શકાય તેમ નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-

NOG SS No: 120
પ્રકાર: પદ્ય
વિષય : પરસોત્તમ મહિનો
શીર્ષક : પરસોત્તમ માસ



નામ : ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★પરસોત્તમ માસ★

દર ત્રણ વર્ષે આવતો વધારે પરસોત્તમ માસ,
ધાર્મિકતાનું ખુબ મહત્વ ધરાવે પરસોત્તમ માસ.

હિન્દુ ધર્મનો અતિ પવિત્ર ગણાય પરસોત્તમ માસ,
દાન દક્ષિણા આપવાનો વખત પરસોત્તમ માસ.

સાંજ-સવાર સત્સંગ ધૂન થાય પરસોત્તમ માસ,
કથા સાંભળવા સૌ લોક જાય પરસોત્તમ માસ.

રામાયણ-મહાભારતનું વંચક થાય પરસોત્તમ માસ,
રાગ-રગિણીથી વંચાય લાંબા સાદે પરસોત્તમ માસ.

દરરોજ ઉપવાસ કરીને ઉજવાય પરસોત્તમ માસ,
તળાવ-નદીઓ ન્હાવા જાય સૌ પરસોત્તમ માસ.

કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરાય પરસોત્તમ માસ,
તિર્થ યાત્રા કરીને તૃપ્ત થવાય પરસોત્તમ માસ.

## ફ્રેન્ડશિપ ડેના દિવસે સેન્ટ્રલ વિસ્ટા(ઘ-૪) ખાતે પર્યાવરણ સાથે મૈત્રીની થીમ પર 'જલસા સ્ટ્રીટ' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકા તથા મારુ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી ૬ ઓગસ્ટના રોજ સવારે ૭ વાગ્યે સેન્ટ્રલ વિસ્ટા ખાતે 'જલ્સા સ્ટ્રીટ' કાર્યક્રમ યોજાશે. ફ્રેન્ડશિપ ડે દિવસે પર્યાવરણ સાથે મૈત્રીની થીમ પર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. સ્વચ્છતા અંગે જાગૃતિ તેમજ મેરી માટી, મેરા દેશ કેમ્પેઈનની થીમ આધારિત આ કાર્યક્રમમાં લાઈવ ડી.જે., ગરબા, ગેમ્સ વગેરે આકર્ષક પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી જે.એન. વાઘેલા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

ચોમાસાની મનમોહક ઋતુમાં જ્ઞાન સાથે ગમ્મત માટેની વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓના આ કાર્યક્રમમાં ગાંધીનગરના નાગરિકોને સહભાગી થવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૪૮૦નો સુધારોઃ મેન્થા તેલ પણ સુધર્યુંઃ કીમતી અને બિનલોહ ધાતુઓ ઢીલી

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૯,૮૬૧ સોદાઓમાં કુલ રૂ.૨૨,૨૯૬.૩૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૨૭૯.૩૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૭૦૦૭.૫૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૦,૫૭૮ સોદાઓમાં રૂ.૩,૨૨૭.૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૨૪૯ અને નીચામાં રૂ.૫૯,૦૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ ઘટી રૂ.૫૯,૧૩૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૪૭,૯૯૭ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૫,૮૯૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૫૯,૦૯૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૩૧૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૪૭૩ અને નીચામાં રૂ.૭૧,૯૧૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭૩ ઘટી રૂ.૭૨,૧૪૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૩૫ ઘટી રૂ.૭૨,૨૪૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૩૪ ઘટી રૂ.૭૨,૨૪૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૧૪૭ સોદાઓમાં રૂ.૧,૦૪૪. કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૪૪.૯૦ના ભાવે ખૂલી, રૂ.૭.૫૫ ઘટી રૂ.૭૩૮.૭૦ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ ઘટી રૂ.૨૦૦.૫૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ ઘટી રૂ.૨૨૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૦૦.૮૦ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૪.૧૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૨૨.૨૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૭૮૮ સોદાઓમાં રૂ.,૯૯૯.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૭૬૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૮૧૨ અને નીચામાં રૂ.૬,૭૫૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૬,૭૮૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨૧ વધી રૂ.૬,૭૭૩ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૩ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૧૨.૭૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૧ ઘટી ૨૧૩ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૮.૧૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૦૦ અને નીચામાં રૂ.૫૯,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮૦ વધી રૂ.૫૯,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૮૦ વધી રૂ.૮૭૭.૯૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૧૪૭.૪૭ કરોડનાં ૧,૯૩૨.૯૩૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૮૦.૪૩ કરોડનાં ૨૮૭.૨૯૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૨૯.૪૧ કરોડનાં ૬૩૩,૪૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૫૬૯.૯૧ કરોડનાં ૨૬,૫૪૨,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૦૦.૬૪ કરોડનાં ૫,૦૦૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૧૮.૭૯ કરોડનાં ૧,૦૧૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૩૭.૪૪ કરોડનાં ૮,૫૮૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૮૭.૧૩ કરોડનાં ૧૨,૮૭૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૨૮ કરોડનાં ૩૮૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૮૮ કરોડનાં ૬૬.૯૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૭૭.૮૩૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૨૯.૦૪૮ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૪૬૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૦,૮૯૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૦૩ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૩૯૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૨૨૧,૭૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫૬,૫૭૯,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૧૦૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૯૪.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૯.૩૯ કરોડનાં ૧૧૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૯૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૯૨૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૯૪૪ અને નીચામાં ૧૫,૯૦૨ બોલાઈ, ૪૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૦ પોઈન્ટ ઘટી ૧૫,૯૧૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૭૦૦૭.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫૯.૦૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯૦.૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૨૧૨.૪૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૩૨.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૨૫.૭૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૩.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૮.૮૦ અને નીચામાં રૂ.૧૪૦.૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯.૪૦ વધી રૂ.૧૫૨.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૮.૭૫ અને નીચામાં રૂ.૭.૨૦ રહી, અંતે રૂ.૦.૪૫ ઘટી રૂ.૭.૬૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૩.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮૦.૫૦ અને નીચામાં રૂ.૫૪૩.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬.૫૦ ઘટી રૂ.૫૭૧ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૦ અને નીચામાં રૂ.૬૨૦ રહી, અંતે રૂ.૧૪.૫૦ ઘટી રૂ.૬૬૧ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૧૬ના ભાવે ખૂલી, રૂ.૧૦૨ ઘટી રૂ.૫૫૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૧૦ના ભાવે

આભાર - નિહારીકા રવિયા ખૂલી, રૂ.૭૭ ઘટી રૂ.૧,૫૮૪.૫૦ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૭૬ ઘટી રૂ.૧૦.૨૩ જસત ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨ ઘટી રૂ.૪.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૮.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૪.૨૦ અને નીચામાં રૂ.૧૨૦.૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૬૦ ઘટી રૂ.૧૩૨.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૪૫ અને નીચામાં રૂ.૭.૭૫ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૯.૧૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૯ અને નીચામાં રૂ.૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫ વધી રૂ.૧૦૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૪.૫૦ અને નીચામાં રૂ.૩૫૨ રહી, અંતે રૂ.૬૧ વધી રૂ.૪૪૦.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૪૪ના ભાવે ખૂલી, રૂ.૧૯૨.૫૦ વધી રૂ.૧,૪૧૬.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૩૯ના ભાવે ખૂલી, રૂ.૧૯૮ વધી રૂ.૧,૩૦૬.૫૦ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૭૭ ઘટી રૂ.૧૦.૮૩ થયો હતો.

# રેવડી કલ્ચરની ઉત્પતિ- વિકાસ માટે આપણા મંદિરો જવાબદાર

બપોરનો સમય હતો. રજાના દિવસો સિવાય મોલમાં ગ્રાહકોની ભીડ ભાગ્યે જ હોય. મોલના એક ખૂણામાં તલસાંકળી,પતાસા,સિંગની ચિકકી, સોનપાપડી, સુખડી,સિંગસાકરિયા,દેવડા, ડ્રાયફ્રૂટ ચિકકી કોઈની પર પસ્તાળ પાડતા હતા.

" અલી,બહું ચડી વાગી છે!" સુખડીએ મેં મચકોડતા કહ્યું.

" ગઈ કાલ સુધી ખૂણામાં પડી પડી ગંધાતી હતી." તલસાંકળીએ કહ્યું

" મિડલ કલાસ. થર્ડ કલાસ. કોઈ ડાયેટ વેલ્યું નહી. અનબેલેન્સડ ફૂડ સ્ટાફ. પુઅર ગાઈસ!" ડ્રાય ફ્રૂટ ચિકકીએ સ્વેગ તેમ જ એરોગન્સી દેખાડી.

" પેલા મોટા સાહેબે જરા ઉલ્લેખ કર્યો એમાં તો ચડી વાગી છે" સિંગ સાકરિયાએ નવરાત્રીની આરતીની જેમ સિંગ સાકરિયાએ કહ્યું

આ બધાની વચ્ચે જેની પર પસ્તાળ પડતી હતી તે રેવડી અડગ ચટાનની જેમ ટટાર ઉભી હતી. તેના ચહેરા પર શરમ, ગુનેગારભાવ, પશ્ચાત્તાપ , પરાજયબોધના ભાવ પ્રતિબિંબિત થતા ન હતા.

આજથી વરસો પહેલાં પંદરમી ઓગષ્ટ કે ૨૬ મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં આગેવાનો- વેપારીની દરિયાદિલીની દાનથી નિશાળિયાને પતાસા મફતમાં વહેંચવામાં આવતા હતા. તેની સામે કોઈને વાંધો ન હતો. આપણને હવા, પાણી, સૂરજપ્રકાશ કુદરત પાસેથી રેવડી રૂપે મળે છે તેનો હોબાળો નથી. સાહેબનું ચાલે તો તેની કિંમત વસૂલે અને તેના પર અઠાવીસ ટકા જીએસટી(જીએસટી એટલે જીવન સર્વિસ ટેકસ.ગબ્બર સિંહ ટેકસ કોણ બોલ્યું? બેશરમો !!)

કોઈ આપણા ઘરે મહેમાન આવે કે આપણે કોઈને ત્યાં મહેમાન થઈએ છીએ. આપણે નાના નાના બાળકોને ચોકલેટ કે ટોફી આપીએ છીએ. હવે ચોકલેટ કે ટોફી આપીને તેના વાલી પાસેથી તેની કિંમત વસુલી લેવાની . કેમ કે, મફતમાં રેવડી વહેંચવાની નહી!! મફત ચોકલ્ટની લાલચ આપીને કેટલાય દરિંદાઓ બાળકીઓના દેહ સાથે ખિલવાડ કરે છે!!

આપણે જન્મથી લઈને અંતિયેષ્ટિ માટે રોકડ કે વસ્તુસ્વરૂપે રેવડી વેચીએ છીએ. ખેડુતોના ખાતામાં સહાયની રેવડી ડીબીટીથી જમા કરીએ છીએ. ખેડુત નાબાર્ડ પાસેથી લોન લે તેના વ્યાજની સબસીડીની રેવડી વહેંચીએ છીએ .એ પણ બંધ ન કરવા પડે. શાસક તરીકે વહેંચીએ એ પ્રસાદ છે. સામાવાળા વહેંચે રેવડી છે!!!

ચૂંટણી સમયે નદી નહાય ત્યાં બંધ બાંધવાનું વચન આપીએ એ ચુનાવી રેવડી છે. કૂકર,મિકસચર, ટેબ્લેટ, સાઈકલ,

ઇ -બાઈક, કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન,ધોતી , ફ્રી પાણી, ગેસ સિલિન્ડર, સાડી, બીડી , બુમલા, જુમલા,મંગળસૂત્ર, વીંટી, મામેરું, કરિયાવર,રોકડ રકમ, તિજોરી, ટિફિન, બેરોજગારી ભથ્થું વગેરે શું છે! કામગીરીનો આધાર લઈને કોણ ચૂંટણી લડે છે? આપણે લોકોએ ભરેલા ટેકસના નાણાંમાંથી લોકોને જ ફ્રીબીઝ આપીએ તો તેનો વિરોધ શા માટે? આપણે તાન્ઝાનિયા કે ઈથોપિયાના નાગરિકોને ખેરાત આપતા હોઈએ તે કેને વિરોધ બરાબર છે. આપણા દેશના નાગરિકોનો સરકારની કમાણી પર હક્ક છે, આ કોઈ ખેરાત નથી. દેશમાં મબલખ અનાજ પાક્યું હોય અને ટેકાના ભાવે ખરીદેલ અનાજ ગોડાઉનની સગવડ ન હોવાથી ખુલાસામાં સડે, ગોડાઉનમાં સડે , બીજી બાજુ દેશની વસ્તીનો ૧/૪ ભાગ અનાજ વિના ભૂખમરાથી પિડાતો હોય તો તેને મફતમાં અનાજ આપવું એ રેવડી કહેવાય? આવી સહાયને રેવડી કહેવી એ માનસિક નાદારીનો કેસ બને છે!!

માની લો કે મફતમાં ગરીબોને આપતી બધી બાબતો રેવડી છે તો અમીરોને મફત જમીન , સ્ટેમ્પ ડયુટીમાં મુકતિ, વેચાણવેરા, ઈલેકટ્રિક ડયૂટીમાં માફી એ રેવડી નથી તો કાજુકતરી કે અંજીરરોલ છે? આનો જવાબ કોઈ શૌધતું નથી કે મળે તો બોલતું નથી. મોં પર ખંભાતી તાળું લાગી જાય છે!!

માની લો કે રેવડી કલ્ચર એ ડીસ્કો કલ્ચર જેવું ખતરનાક અને નુકસાનકારક છે. દેશમાં રૂપિયા ૧૫૦ લાખ કરોડનું દેવું છે . અર્થતંત્ર રેવડીમાં ગરક થઈ જશે?રેવડી કલ્ચરની ખાલ ઉધેડવા એ માટે અશ્વમેધ યજ્ઞ કે રાજસૂય યજ્ઞ કરવાનો હોય તો કોણ કરશે? અત્યારે સરકાર,નીતિ આયોગ ચૂંટણી પંચ, સુપ્રિમ કોર્ટ એકમેકને ખો દે છે!!

સાચું કહીએ તો રેવડી કલ્ચરના ઉદય, ઉત્થાન અને ઉત્કર્ષમાં આપણા મંદિરો મહ્દઅંશે જવાબદાર છે. કેટલાક સનાતન ધર્મની રક્ષા કરવાનો દાવો કરનાર અને ધર્મ-વિજ્ઞાનનો સમન્વય કરી વધુ અર્થોપાજવમાં પ્રવૃત મંદિરો નગદ નારાયણને ગજવે ઘાલ્યા વિના લાડૂડીનો પ્રસાદ આપતા નથી. કેટલાક મંદિરોમાં ધરાયેલો પ્રસાદ મંદિર પરિસરમાં આરોગી જવો પડે છે. મંદિર બહાર પ્રસાદ લઈ જવાતો નથી. આ સિવાયના મંદિરો નાતજાત . અમીરગરીબ એવો પંકિતભેદ કર્યા સિવાય મંદિરે આવનાર ભક્તને સિંગસાકરિયા, ટોપરા, પીપર,ગોળી, જાંબુ, કાકડી, રેવડી વગેરેનો પ્રસાદ મફતમાં વહેંચે છે. બપોરે કે રાતે અન્નક્ષેત્ર ચલાવે છે. પાછું દાન સ્વીકારવાનું પણ વરસોથી બંધ કરી બેઠા છે!!

રાજુ રદી ખુફિયા જાસૂસ જેવો છે. એ ખણખોદ કરીને સંશોંધનાત્મક પત્રકાર - ગુજરાતીમાં ઈન્વેસ્ટીગેટિવ જર્નાલિસ્ટની જેમ રિસર્ચ કર્યું છે. આ અભ્યાસ અહેવાલના તારણો મુજબ રેવડી કલ્ચરની ઉત્પતિ- વિકાસ માટે આપણા મંદિરો જવાબદાર છે. કેમ કે નો લંચ ઇઝ ફ્રી હોવા છતાં તદન મફત પ્રસાદ-ભોજન આપે છે!!

ભરત વૈષ્ણવ.

# પ્રકૃતિના જતન, સંરક્ષણ અને સંવર્ધન સાથે વિકાસ તરફ આગેકૂચ કરતો અમદાવાદ જિલ્લો

★અમદાવાદ જિલ્લામાં વન મહોત્સવ યોજના હેઠળ ૧૬ નર્સરીમાં કુલ ૩૪.૪૫ લાખ રોપા ઉછેરી વિતરણ કરાયું★

★★★★★★★

★અમદાવાદ જિલ્લામાં ચાલુ વર્ષે મહિલા નર્સરીઓને ૧૧ લાખ રોપા તૈયાર કરવા માટે રૂ. ૧૫.૯૪ લાખની સહાયની રકમ ચૂકવાઈ★

★★★★★★★

★ચાલુ વર્ષે હરિત વસુંધરા પ્રોજેકટ અંતર્ગત સાણંદ તાલુકામાં એક હેકટર વિસ્તારમાં વન કવચ બનાવવામાં આવ્યું, જેમાં દસ હજાર વૃક્ષોનું વાવેતર થયું★

★★★★★★★

★અમદાવાદ વન વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૬૬૫ હેકટર વિસ્તારમાં ખેડૂત લાભાર્થીઓ દ્વારા વાવેતર કરવામાં આવ્યું, આ વાવેતર બદલ ખેડૂત લાભાર્થીઓને કુલ રૂ. ૬૯.૫૬ લાખ રૂપિયાની સહાય ચૂકવાશે★

★★★★★★★

★અહેવાલ – ગોપાલ મહેતા, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ★

દેશની વનસંપદા અને વૃક્ષોની સંખ્યામાં વધારો થાય તેવા ઉમદા હેતુસર ગુજરાત રાજયના સ્થાપના કાળથી રાજય સ્તરીય વન મહોત્સવ રાજયના પાટનગર ગાંધીનગરમાં દર વર્ષે ઊજવાતો હતો. પરંતુ દેશના દીર્ઘદષ્ટા વડાપ્રધાન અને રાજયના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજય સ્તરીય વન મહોત્સવ માત્ર પાટનગરમાં જ સીમિત ન રાખતા રાજયના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધામિક દૃષ્ટિએ અગત્યતા ધરાવતા રાજયનાં જુદાં જુદાં સ્થળોએ ઊજવવાની શરૂઆત વર્ષ ૨૦૦૪થી કરી અને આ સાથે ઉજવણી સ્થળે સાંસ્કૃતિક વન સ્થાપનાની એક નવી પહેલ અને પરંપરા શરૂ થઈ. આ પરંપરાને આગળ લઈ જતા વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજયમાં કુલ ૨૨ સાંસ્કૃતિક વનોની સ્થાપના કરવામાં આવી છે.

આમ, આપણા હાલના વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૪માં 'સાંસ્કૃતિક વન' નિર્માણનો નવો અભિગમ આપી હરિયાળી ક્રાંતિ માટે નવો રાહ ચિંધ્યો હતો. આ સાથે વન વિભાગ દ્વારા વૃક્ષ વાવેતરના થઈ રહેલા પ્રયાસો પણ આવકારદાયક છે. જેમાં અમદાવાદ જિલ્લો પણ પ્રકૃતિના જતન, સંરક્ષણ અને સંવર્ધન સાથે વિકાસ તરફ આગેકૂચ કરી રહ્યો છે.

અમદાવાદને હરિયાળું બનાવવા માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કરાયેલી કામગીરી અંગે વિગતવાર માહિતી આપતા અમદાવાદના સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક અધિકારીએ કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં વન મહોત્સવ યોજના હેઠળ ૧૬ નર્સરીમાં કુલ ૩૪.૪૫ લાખ રોપા ઉછેરી વિતરણ કરવામાં આવેલું છે. અમદાવાદ જિલ્લામાં ચાલુ વર્ષે મહિલા નર્સરીઓને ૧૧ લાખ રોપા તૈયાર કરવા માટે રૂ. ૧૫.૯૪ લાખની સહાયની રકમ ચૂકવવામાં આવી છે.

તેમણે વધુમાં કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત પાંચ જગ્યાઓએ નમો વડ વનમાં કુલ ૩૭૫ વડ વૃક્ષનું પણ વાવેતર કરવામાં આવ્યું છે. જયારે સાણંદ તાલુકાના માધવનગર ખાતે આઠ હેકટર વિસ્તારમાં ૬૪૦૦ રોપા વાવેતર કરી નગર વન બનાવવામાં આવ્યું છે.

આ વર્ષે હરિત વસુંધરા પ્રોજેકટ અંતર્ગત સાણંદ તાલુકામાં એક હેકટર વિસ્તારમાં વન કવચ બનાવવામાં આવ્યું છે. જેમાં દસ હજાર વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું છે. આ સાથે અમદાવાદ વન વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૬૬૫ હેકટર વિસ્તારમાં ખેડૂત લાભાર્થીઓ દ્વારા વાવેતર કરવામાં આવ્યું છે, આ વાવેતર બદલ ખેડૂત લાભાર્થીઓને કુલ ૬૯.૫૬ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે. વર્ષ ૨૦૨૧માં પાંચમી વૃક્ષ ગણતરી મુજબ અમદાવાદ જિલ્લામાં કુલ ૬૬.૧૦ લાખ વૃક્ષ ગણવામાં આવ્યા છે. જેમાં જિલ્લામાં પ્રતિ હેકટરે ૯.૪૬ વૃક્ષોની ગીચતા છે. જે અગાઉની વૃક્ષ ગણતરી ધ્યાને લેતાં ૧૪.૯૬ લાખ વૃક્ષોનો વધારો અને પ્રતિ હેકટરે ૧.૦૬ વૃક્ષની ગીચતામાં વધારો થયો છે.

૭૪મા વન મહોત્સવ અંતર્ગત અમદાવાદ જિલ્લાના ૧૦ તાલુકા કક્ષાના વન મહોત્સવ, ૩૨૫ ગ્રામ્ય કક્ષા વન મહોત્સવ તેમજ ૧૦ તાલુકાઓમાં વૃક્ષ રથ થકી ૩૮ રૂટ બનાવી ૪૫૯ ગામો આવરી લઈ વાવેતર અને વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌ પ્રથમ ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૦૪માં પ્રથમ સાંસ?કૃતિક વનનું નિર્માણ કર્યું અને તે આજે પુનિત વન તરીકે ઓળખાય છે.





કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધીની સજા પર રોક લગાવવાનો નામદાર સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો છે અને સત્ય-અહિંસાનો વિજય થયો છે ત્યારે, સમગ્ર ગુજરાતમાં ૩૩ જિલ્લા, આઠ મહાનગરપાલિકા અને ૨૪૩ તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષના કાર્યકારો-આગેવાનો સાંજે ૫-૦૦ કલાકે સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકાર સાથે ઉજવણી કાર્યક્રમનું જોમ-જુસ્સા સાથે આયોજન કરેલ હતું.કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધીની સજા પર રોક લગાવવાના નામ. સુપ્રિમકોર્ટના ચુકાદાની આવકાર સાથે ઉજવણી કાર્યક્રમ અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારની આગેવાનીમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓ - આગેવાનો કાર્યકરો ભાઈ-બહેનો ભારે ઉત્સાહભેર ઉજવણીમાં જોડાઈને ''સત્ય મેવ જયતે'', ''રાહુલ ગાંધી જીંદાબાદ'', ''નફરત છોડો, ભારત જોડો'' ના સુત્રો પોકાર્યા હતા.

# ચાણસ્મા મામલતદાર કચેરીના અધિકારીઓને બઢતી સાથે બદલીઓ



ચાણસ્મા મામલતદાર કચેરીમા ફરજ બજાવતા કેટલાક અધીકારીઓની બઢતી તેમજ બદલી ના ઓર્ડર મળતા બઢતી પામેલ અધીકારીઓમાં ખુશીમા મહોલ જોવા મળી રહ્યો હતો

ચાણસ્મા મામલતદાર કચેરીના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા કમલેશભાઈ ચૌધરીની સિદ્ધપુર દબાણ વિભાગમા બદલી થવા પામી હતી તેમજ ચાણસ્મા કમેરીમાં ફરજ બજાવતા કર્મમારીઓનો ફેરફાર કરવામાં આવ્યો હતો જેમા ખૂશ્બુ મોદી છ. .ફ. ચાણસ્માઃ નિલમ ચૌહાણ. મતદાર યાદી સુધારણા.ચાણસ્મા .મહેશભાઈ લુહારીયા.મહેસુલ વિભાગ. કૌશીક પ્રજાપતી પુરવઠા વિભાગ.રૂત્વી પટેલ ઈ. ધરા.તેમ જ બહારથી આવેલ અધિકારીઓમા ધ્વનીત ઠાકર. અર્જુન રાજપૂત દબાણ. સુષ્મા ચૌધરી સ.હ.સ. વિનલ ચૌધરી સ.હ.સ. નો સમાવેશ થાય છે તેમજ ચાણસ્મા મામલદાર કચેરી ખાતે વધારે મહેકમ ભરાતા કચેરીના કામકાજ ઝડપી થશે તેમ મામલતદાર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો

## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા આજે મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે કિડનીના રોગો અંગે માહિતી આપતા જાગૃતિ સેમિનારનું આયોજન

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા છે. જે શ્રી ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૧ વર્ષથી કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા તા. ૦૫ ઓગષ્ટ ૨૦૨૩, શનિવારના રોજ સાંજે ૦૪–૦૦ વાગે મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે કિડનીના રોગો અંગે માહિતી આપતા જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગોલ્ડ મેડાલીસ્ટ ડો. પ્રતિક અમલાણી (યુરોલોજીસ્ટ), શ્રી શીવમ વર્માજી, અધિક્ષકશ્રી, રાજકોટ મધ્યસ્થ જેલ), શ્રી બી.બી. પરમાર (ઈન્ચાર્જ, નાયબ અધિક્ષક, રાજકોટ મધ્યસ્થ જેલ), શ્રી મિતલ ખેતાણી (પ્રમુખશ્રી, એનીમલ હેલ્પલાઈન), અશ્વિન ગોહેલ (પ્રોગ્રામ ઓફીસર, ઈન્ડીયા રીનલ ફાઉન્ડેશન) ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપશે.ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સંસ્થાનો પ્રમુખ ધ્યેય સમાજમાં કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી, દર્દીઓના પુર્નઃવસન માટે કામ કરવું તેમજ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં પ્રયત્નશીલ રહેવાનું છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સ્વાસ્થયના ક્ષેત્રમાં જુદા જુદા કાર્યો કરી રહી છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત ગરીબ અને જરૂરીયાત મંદ કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક મદદ કરવાનું ઉમદા કામ કરી રહી છે



આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ ગાંધીનગરના નવનિયુક્ત પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમશેટ્ટી જીની શુભેચ્છા મુલાકાત કરીને અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન મેયરશ્રી એ તેમના નેતૃત્વમાં જિલ્લામાં શાંતિ, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે એવી અભ્યર્થના વ્યક્ત કરી હતી. આ વેળાએ ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા.

# પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર દ્વારા આજે, ૪ ઓગસ્ટ ૨૦૨૩, આચાર્ય બાલકૃષ્ણજીના જન્મદિવસે વૃક્ષારોપણ અને વૈદિક હવન સાથે જડીબુટ્ટી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી







પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર દ્વારા આજે, ૪ ઓગસ્ટ ૨૦૨૩, આચાર્ય બાલકૃષ્ણજીના જન્મદિવસે વૃક્ષારોપણ અને વૈદિક હવન સાથે જડીબુટ્ટી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મહિલા પતંજલિ યોગ સમિતિ, ગુજરાત રાજયના પ્રભારી આદરણીય સોનિકા દીદી અને ગાંધીનગરના ડેપ્યુટી મેયર આદરણીય પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ગીતા બેહન અને તેમની ટીમે સાથે મળીને વૈદિક હવન કર્યો હતો.વૈદિક હવન બાદ સૌએ સાથે મળીને વૃક્ષારોપણ અને જડીબુટ્ટી વિતરણનો કાર્યક્રમ યોજયો હતો.જડીબુટ્ટી એકત્ર કરવા માટેના અથાક પ્રયત્નો બદલ આદરણીય ભરતભાઈ અને સહ યુવા પ્રભારી આદરણીય હર્ષિલભાઈનો વિશેષ આભાર.પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ, આદરણીય યોગાચાર્ય ડો.કાનજીભાઈ બાવરી, યુવા પ્રભારી પ્રકાશભાઈ બંજારા, ભારત સ્વાભિમાન ટ્રસ્ટના પ્રભારી આદરણીય મહેતા સાહેબ, માનસ યોગ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ આદરણીય જીજ્ઞેશભાઈ પટેલ તથા શૈલેષભાઈ પ્રજાપતિએ કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન માટે ખૂબ મોટો ફાળો આપ્યો.આજનો આ કાર્યક્રમ આદરણીય સંદીપભાઈ પટેલ દ્વારા અપાયેલ ગૌશાળા ભૂમિ ઉપર સંપન્ન થયો હતો.પતંજલિ યોગ સમિતિના અન્ય તમામ કર્મઠ કાર્યકર્તાઓનો મહિલા પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ ડો. નેહલ દેસાઈએ હૃદયના ઊંડાણથી આભાર માન્યો હતો.કાર્યક્રમના અંતે સૌએ સાથે મળીને મહાપ્રસાદનો આનંદ લીધો હતો.

## દુઃખદ અવસાન

શ્રી ભરતભાઈ ત્રિભોવનભાઈ ત્રિવેદીનું તારીખ/૦૪/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન થયેલ છે.




શ્રી ભરતભાઈ 'સાહિત્ય સંગીતનું વિશ્વ'ના સભ્ય હતા. તેઓને ગીત-સંગીત પ્રત્યે અનન્ય પ્રીતિ હતી. 'સાહિત્ય સંગીતનું વિશ્વ' ના સભ્ય તેમજ અન્ય ગીતકાર-ગઝલકારોની રચનાને નિજાનંદ માટે ભાવપૂર્વક સ્વરબદ્ધ કરીને પ્રસ્તુત કરતા. 'સાહિત્ય સંગીતનું વિશ્વ' તેમજ ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ શ્રી ભરતભાઈના અવસાનથી ખેદ અનુભવે છે. શ્રી ભરતભાઈના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે તેમજ તેમના પરિવારને આ શોકજનક સંજોગો સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

સાહિત્ય સંગીતનું વિશ્વ'

એડમિન/ મૉડરેટર NOG સાહિત્ય સરિતા ગ્રુપ પરિવાર

## સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકારતા માન. સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા આદરણીય રાહુલ ગાંધીજીની સજા પર સ્ટે લગાવવાનો નામદાર સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો છે ત્યારે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકારતા માન. સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ખૂબ ખુશીની વાત છે કે રાહુલ ગાંધીજીને નામદાર સુપ્રિમ કોર્ટે સંપૂર્ણ રાહત આપી છે. આપણે ત્યાં કહેવાય છે કે ''સત્યમેવ જયતે''. આપણે ત્યાં એવુંય કહેવાય છે કે સત્યને પરેશાન કરી શકાય પરંતુ પરાજીત ન કરી શકાય. રાહુલ ગાંધીજીને ખોટા કેસમાં ખૂબ પરેશાન કરવામાં આવ્યા પરંતુ આખરે નામદાર સુપ્રિમ કોર્ટમાંથી એમને ન્યાય મળ્યો. નામદાર સુપ્રિમ કોર્ટે આજે રાહુલ ગાંધીજીને મોટી રાહત આપી છે એટલું જ નહીં આપણા ગુજરાત માટે કેટલીક દીવાદાંડી કે લાલ લાઈટ કહી શકાય તેવી સ્થિતિનું પણ દર્શન કરાવ્યું છે. નામદાર સુપ્રિમ કોર્ટે કહ્યું કે રાહુલ ગાંધીજીના કેસમાં સુરતની ટ્રાયલ કોર્ટે મેક્સ ટુ મેક્સ પનિશમેન્ટ કરી હતી, જે અયોગ્ય હતી. રાહુલ ગાંધીજીના કેસમાં નોન-કોગ્નીઝેબલ ગુનો હતો, જામીન પાત્ર ગુનો હતો, સમાધાનલાયક ગુનો હતો, તેમાં સુરતની ટ્રાયલ કોર્ટે મેક્સ ટુ મેક્સ એટલે કે પૂરેપૂરી બે વર્ષની સજા ફટકારી છે ત્યારે તેમાં વિસ્તૃત કારણો વગર પૂરેપૂરી સજા ન કરી શકાય તેવો સિદ્ધાંત છે તેનું પાલન કરવાનું કે તેના વિશે ધ્યાન આપવાનું સેશન્સ કોર્ટ અને ગુજરાતની હાઈકોર્ટ બંને અપીલ કોર્ટો ચુકી છે તેમ પણ નામદાર સુપ્રિમ કોર્ટે કહ્યું હતું.



તા.૩-૮-૨૦૨૩ બપોર પછી ૩-૦૦થી ૬-૦૦ દરમ્યાન લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ-આશા પલ્લી-ઈન્ડીયન રેડ ક્રોસ વાત્સલ્ય સીનીયર સીટીઝન હોમ-ગાયત્રી પરિવાર નારણપુરાના સંયુક્ત ઉપક્રમે અધિક શ્રાવણ માસ તથા ગાયત્રી પરિવારના દક્ષાબેન પટેલ અને લાયન્સ ક્લબના ગીરીશભાઈ પટેલની ૩૦મી લગ્ન તિથિ નિમિત્તેની ઉજવણી આનંદ ઉત્સાહસભર વાતાવરણમાં અમદાવાદ વાડજ સર્કલ ખાતે આવેલા વાત્સલ્ય સીનીયર સીટીઝન હોમ ખાતે ભજન સંધ્યા સાથે સીનીયર સીટીઝન હોમના રહેવાસી વડીલોને ભોજન-પ્રસાદ તથા કાર્યકર્તા બહેનોને નિઃશુલ્ક સાડી વિતરણના કાર્યક્રમની સફળ રહ્યી હતી જેમાં સીનીયર સીટીઝન હોમના વડીલ વૃંદાવન અને ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનો લાયન્સ ક્લબના હોદ્દેદારો દ્વારા દંપતિને આશીર્વાદ શુભેચ્છા પાઠવવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.